**માનનીય અધ્યક્ષશ્રી,**

માનનીય મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ સાહેબ ધ્વારા ગુજરાત માલ અને સેવા વેરા(સુધારા) વિધેયક–૨૦૨૪ સન્માનનીય ગૃહ સમક્ષ લઈને આવ્યા છે તેને હું સમર્થન આપું છું

**માનનીય અધ્યક્ષશ્રી,**

જીએસટી કાયદાની જોગવાઈ અનુસાર બિનનોંધયેલ વ્યકિતને કરવામાં આવતા સપ્લાયના કિસ્સામાં પ્લેસ ઓફ સપ્લાય ઈન્વોઈસમાં નોંધાયેલ વ્યકિતના સરનામા મુજબનું ગણાય છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

જે કિસ્સામાં બિલિંગનું સરનામું ડીલિવરી  સરનામાથી અલગ હોય, ખાસ કરીને ઈ–કોમર્સ પ્લેટફોર્મ ધ્વારા કરવામાં આવતા વ્યવહારો, તો આવા કિસ્સામાં પ્લેસ ઓફ સપ્લાય અંગે સ્પષ્ટતા કરવા વેપારી એસોસીયેશન અને ટ્રેડ ચેમ્બર્સ ધ્વારા રજુઆત કરવામાં આવેલ.

**માનનીય અધ્યક્ષશ્રી,**

જે રજૂઆત સ્વીકારીને ખરેખર જયાં ચીજવસ્તુનો વપરાશ થાય છે, તે રાજયને આવા વ્યવહારો પર વેરો મળી રહે તેવી સ્પષ્ટતા જીએસટી કાઉન્સિલ ધ્વારા કરવામાં આવેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

જીએસટી કાયદામાં થતી કરચોરીને ડામવા પાનમસાલા અને તમાકુના ઉત્પાદકો સંબંધિત નવી સિસ્ટમ અમલમાં મુકવામાં આવેલ છે. આ સિસ્ટમ ધ્વારા આ ક્ષેત્રમાં થનાર કરચોરીમાં વ્યાપક ઘટાડો થશે અને સરકારી આવકમાં વધારો થશે. વધુમાં, આ સિસ્ટમના અમલીકરણ સંબંધીત ઘણાં પ્રશ્નોના નિરાકરણ બાબતે પણ સ્પષ્ટતા કરવામાં આવેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

માન.નાણાંમત્રીશ્રીએ રજૂ કરેલ જી.એસ.ટી. કાયદામાં સુધારા અંગેના ગુજરાત માલ અને સેવા વેરા(સુધારા) વિધેયક–૨૦૨૪ને મારો સંપૂર્ણ ટેકો જાહેર કરૂં છું.

————————